

# ટ્રાફિકની સમસ્યા મોડાસા માટે માથાનો દુઃખાવો

અરવલ્લી જિલ્લાના મોડાસામાં કોઈપણ જાહેરનામાનો અમલ થતો નથી તેમ લાગી રહ્યું છે. મોડાસામાં જ્યાં જુવો ત્યાં ટ્રાફિક જ ટ્રાફિક દેખાઈ રહ્યો છે. આ વર્ષો જુની ટ્રાફિકની સમસ્યાથી મોડાસાની જનતાને કોણ છુટકારો અપાવશે?

# અંબાજીમાં સફાઈના નામે મીંડુ

સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીમાં સફાઈ અભિયાનનો ધજાગરો કરતી આ તસવીર ગાયમાતાના પેટમાં જતી પ્લાસ્ટિકની કોથળીઓ ગાયની શું દશા કરશે..? તે તો ભગવાન જાણે અથવા મા અંબા જાણે... પણ ગરવી ગુજરાતના યાત્રાધામમાં જ્યાં કરોડો લોકોની આસ્થા અને શ્રદ્ધાના દિવડા જળહળતા હોય ત્યાં આવી બે-જખ ભરી ગંદકીના થર, સ્વચ્છતા મિશનનના ધજાગરા ઉડાડે છે. કરોડો માનવીઓ, શ્રધ્ધાળુની તંદુરસ્તી સાથે ચેંડા કર્યા સમાન છે. ગાયમાં તેત્રીસ કરોડ દેવી-દેવતાઓનો વાસ છે, ગાયને માતા ગણી કામધેનુ તરીકે બિરદાવેલ છે. તે ગાયના મુખમાં પ્લાસ્ટિકનો કચરો, કોથળીઓ તથા અન્ય ગંદકી ગાયને કેટલું જીવતદાન બક્ષશે? સ્વચ્છતા અભિયાન દરમ્યાન ફોટો પડાવી અખબારોમાં પ્રસિદ્ધ થતાં અધિકારીઓ કદાચ હાશ અનુભવતા હશે પણ અહીં મા અંબાના દરબારની તદન નજીક આવા ગંદકીના ઢગલા દૂર કરવાનું તંત્ર તથા અધિકારીઓમાં ક્યારે ડહાપણ આવશે? તંત્ર નોંધ લેશે ખરૂ?



(તસવીર : વિઠ્ઠલભાઈ સુથાર, ખેડબ્રહ્મા)

# મોડાસાના કાલિકા માતાના મંદિરના મહંત પર હૂમલો

મોડાસા, તા. ૮

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં કોલેજ રોડ પર આવેલ લીમડા તળાવને કિનારે કાલીકા માતાના મંદિરના મહંત ઉપર કોઈ અસામાજીક તત્વો દ્વારા હૂમલો થતા આ મહંતને હોસ્પિટલ ખસેડાયા હતા.

મોડાસાથી ચાંદ ટેકરી જતા વચ્ચે કોલેજની પાછળની તરફ લીમડા તળાવની પાસે કાલિકા માતાનું વર્ષો જુનું મંદિર આવેલ છે. જે મંદિરમાં પુજારી તથા તેમનું પરિવાર માતાની પૂજા અર્ચના કરી આશરે ૨૫ વર્ષથી ઉપર તેમનું ગુજરાન ચલાવે છે. ત્યારે થોડા સમયથી બાજુમાં આવેલ સોસાયટીઓ રહીશો રહેવા આવવાના કારણે આ પુજારીને વારે-વારે સતાવામાં આવે છે કે આ મંદિરમાં માતાજીના ગરબા વગાડવા નહિ. અથવા પૂજા-અર્ચના બંધ કરી તુ અહિયાથી ભાગી જા નહિ તો મંદિર પણ તોડી નાખશુ અને તારા હાડકા પણ ભાગી નાખશુ તેવી વારંવાર અસામાજિક તત્વો દ્વારા ધમકીઓ આપવામાં આવે છે. ગત રાત્રે મંદિરના પુજારીને ક્રિકેટ રમવાના બેટથી માર મારવામાં આવતા મંદિરમાં આવેલ દર્શનાર્થીઓએ તેને છોડાવી હોસ્પિટલ મોકલી આપવામાં આવ્યો હતો.



હુમલાનો ભોગ બનનાર પ્રકાશભાઈના જણાવ્યા મુજબ મંદિરની ફરતે કાંટાની ફેન્સીંગ વાડ વારે વારે બાજુમાં રહેતા સોસાયટીના લોકો તોડી કાઢતા હોય છે. ત્યારે પ્રકાશભાઈએ આ નુકશાન ન કરવા માટે વિનંતી કરી પરંતુ આ અસામાજિક તત્વો આ ગામની કોમી શાંતિને ડહોળવાનું કામ કરી રહ્યા હોય તેમ આ પુજારીના દીકરાને બેટ અને ગડદાપાટુનો માર મારી તેને ભોંય ભેંગો કરી નાખ્યો હતો. ત્યારે મોડે મોડે પોલીસ ઘટના સ્થળે આવી મહંતને હોસ્પિટલ લઈ જવાની જગ્યાએ તેને ઉપરથી એવી શિખામણ આપીને ગઈ કે આજે તો રજાનો દિવસ છે તો તને હોસ્પિટલ કાલે લઈ જશુ. ત્યારે કાલીકામાતાના કોઈ ભક્તે આવી તાત્કાલિક સારવાર અપાવી હતી.

## મંદિર પર અસામાજિક તત્વોનો વર્ષોથી રંજાડ છે

વર્ષો પહેલા મોડાસા નગરના વાસીઓ સાથ સહકારથી આ મંદિરનું નિર્માણ થયેલ છે. અને આ પુજારી પર ભૂતકાળમાં અસામાજિક તત્વો દ્વારા ત્રણ વખત હુમલા થયેલ છે. આ મહંત ઉપર ૧૯૯૩ માં આ તત્વો દ્વારા બે વખત ફાયરીંગ કરવામાં આવેલું છે. અને ૨૦૦૯ માં પણ તેમના ભાણેજને લોખંડની પાઈપથી પણ માર મારેલ છે. જ્યારે ગઈ કાલે રાત્રે પણ ફરીથી આવી જ ઘટનાને આ તત્વો દ્વારા અંજામ આપવામાં આવ્યો છે. ત્યારે આ તત્વો મંદિરમાં દર્શનાર્થે આવતા લોકોના માર્ગમાં કાંટા વિખેરવાનું કામ કરે છે.

# પાડાના વાંકે પખાલીને ડામ સરકારનું આયુર્વેદ પ્રત્યે ઓરમાયુ વર્તન

અરવલ્લી જિલ્લામાં આવેલા મોડાસા, માલપુર, મેઘરજ એમ ત્રણ તાલુકામાં આવેલા બોલુન્દ્રા, ગઢા, ઉભરાણ, કાનેરા, કાલીયાકુવા, ઈપલોડા, પંચાલ, લીંબોદરા એમ કુલ આઠ દવાખાનાઓ પૈકી ફક્ત એક જ મેડીકલ ઓફિસર ફરજ ઉપર છે. બાકીના ખાલી દવાખાનાઓનો ચાર્જ પમ આ એક જ મેડીકલ ઓફિસર સંભાળે છે. અંતરીયાળ ગામડાઓમાં આવેલા આયુર્વેદ દવાખાનાઓમાં મકાન, લાઈટ, પાણી, સંડાસ જેવી પ્રાથમિક સુવિધાઓથી વંચીત એવા મકાનોમાં આયુર્વેદની સેવા તથા ફરજ બજાવતા મેડીકલ ઓફિસરો પોતાના ફાળવેલા દિવસો મુજબ ફરજ બજાવતા હોવા છતાં ક્યાં જવું એ દુવિધા અનુભવી રહ્યા છે. આઠ-આઠ દવાખાનાના બોજનું વહન અને ફાળવેલ દિવસો, ઉપરાંત સરકાર શ્રી દ્વારા ચાલતા અભિયાનો, કારકુનની કામગીરી તાલુકા કક્ષાના અધિકારીની મીટીંગો કેમ્પો, શિબિરો, ઝુંબેશો વગેરેમાં ફરજીયાત હાજરી આપવી પડતી હોવા ઉપરાંત ઉંચા ફાળવેલા ટાર્ગેટોમાં કામગીરી કેવી રીતે કરવી તે પ્રાણ પ્રશ્ન છે. આરોગ્યની સુવિધા માટે તમામ ગામોને કેવી રીતે સંતોષ આપવો, આવી પરિસ્થિતિઓમાં આરોગ્યની સુવિધા માટે ગ્રામજનો કે લોકોની ફરિયાદોને ધ્યાને લઈ ડૉક્ટરો ઉપર શિક્ષાત્મક પગલા લેવામાં સરકાર કચાશ રાખતી નથી જે સરકાર માટે સત્ય અને દુઃખની બાબત છે.

મેડીકલ ઑફિસરોને દવાખાનાના મકાનોની જગ્યા ગ્રામ પંચાયતો દ્વારા અવાવરૂ જુના મકાનો અથવા ખંડેર થયેલ મકાનોમાં કોઈપણ સુવિધા વગર ફાળવવામાં આવે છે, આવા ચાલતા સરકારના દવાખાનાઓમાં મોટેભાગે મેડીકલ ઓફિસર સિવાય કોઈ સ્ટાફ પણ ફાળવવામાં આવતો નથી. તેથી દવાખાનાની સફાઈથી માંડી તમામ કામગીરી મેડિકલ ઓફફિસરો જાતે કરતા હોય છે. આવા દવાખાનામાં કામ કરતા અરવલ્લી જિલ્લાના આયુર્વેદ મેડિકલ ઓફિસરોની વેદના સરકાર ક્યારે સાંભળશે તેની રાહ જોઈને બેઠા છે. એમ ઈન્ચાર્જ આયુર્વેદ અધિકારી ડૉ. અસારી પોતાની રૂબરૂ મુલાકાતમાં જણાવે છે.



ડીસા તાલુકાના માલગઢ ગામે જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ પાલનપુર દ્વારા કાનુની શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં કાનુની સેવાઓને લગતા તમામ કાયદાઓની વિસ્તૃત જાણ લોકોને કરવામાં આવી હતી. જેમાં એમ.બી. ડાંગ, જી.કા. સે. સં. મંડળનાં સેક્રેટરી, કે.એસ. હિરપડા અધ્યક્ષ તા.કા. સે. સ. મંડળ ડીસા, એમ.બી. ઠાકોર - વિવિધ ધારાશાસ્ત્રી, બાર એશોસીયેશન પાલનપુર, માહિતી આપનાર - એચ. એ. નાયર - સુપ્રીડેન્ટેડ કોર્ટ તેમજ ગામનાં સરપંચ પરમાર શ્રવણકુમાર. તલાટી કમ મંત્રી - પી.આઈ. પરમાર, તેમજ ગામનાં અગ્રણી ટાંક વસંતભાઈ, ગૌસ્વામી દિનેશભાઈ, માળી કુંદનભાઈ, તાલુકા પંચાયત સદસ્યો તેમજ ગામનાં લોકો બહોળી સંખ્યામાં હાજર રહી આ કાનૂની શિબિરને લગતાં પ્રશ્નોની વિસ્તૃત ચર્ચાવિચારણા કરી હતી.

# આજે બનાસકાંઠાની પ્રાથમિક શાળાઓમાં સશક્તિકરણ તાલીમ અને ટેલીકોન્ફરન્સ યોજાશે

પાલનપુર, તા. ૮

જીલ્લા -ોજેક્ટ કો ઓર્ડીનેટર એસએસએ અને જીલ્લા -ાથમિક શિક્ષણાધિકારીશ્રી બનાસકાંઠા, પાલનપુર દ્વારા જણાવ્યા -માણે આજે તા. ૯-૧૨-૨૦૧૪ ના રોજ બનાસકાંઠા જીલ્લા પંચાયત સંચાલિત તમામ -ાથમિક શાળાઓમાં એસ.એમ.સી. સભ્યશ્રીઓની સશકિતકરણ તાલીમ તથા સ્ટેટ કક્ષાએથી બાયસેગ દ્વારા ટેલીકોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. તો પોતાના ગામની શાળાના વિકાસ માટે તથા ગામના બાળકોને ગુણવત્તાયુકત શિક્ષણ મળે તેવા સહીયારા -યાસો કરવા શાળા કક્ષાએ આ તાલીમમાં જોડાવવા સૌ એસ.એમ.સી. સભ્યશ્રીઓને જવાબદારીપૂર્વકનું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. તાલીમનું સ્થળ ગામની -ાથમિક શાળા છે. સમય સવારે ૧૦-૩૦ થી બપોરે ૪-૦૦ સુધીનો તથા ટેલીકોન્ફરન્સનો સમય બપોરે ૧ થી ૨ સુધીનો છે.

# ડીસા નજીક કાંટ ગામે દૂધ ટેન્કર પલટી ખાતા અકસ્માત : ૯ હજાર લીટર દૂધ માટીમાં વેડફાયું

ડીસા, તા. ૮

ડીસા નજીક કાંટ ગામે થયેલા એક અકસ્માત બનાસ ડેરી માટે ગ્રામીણ વિસ્તારમાંથી દૂધ એકઠું કરી લઈ જતું એક ટેન્કર અકસ્માતે માર્ગ પર પલટી ખાઈ જતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ટેન્કરમાં ભરેલ અંદાજીત ૯,૦૦૦ હજાર લીટર દૂધ માટીમાં વેડફાયું હતું. જોકે સ્થાનિકો રાહત અને મદદ પહોચાડતા કોઈ જાનહાની થયેલ નથી.

બનાસકાંઠાનાં ડીસા તાલુકાનાં કાંટ ગામે બનાસ ડેરી માલિકીનું એક દૂધ ભરેલું ટેન્કર અકસ્માતે પલટી ખાતા અફરાતફરી મચી હતી. આ ટેન્કર બનાસ ડેરી માટે નિત્ય પશુપાલકો પાસેથી દૂધ એકઠું કરી બનાસ ડેરી ખાતે લઈ જાય છે. જોકે આ કાંટ ગામથી પાલનપુર તરફ જતો માર્ગ યોગ્ય દેખરેખનાં અભાવે અતિ સાંકડોથી ગયો છે છેલા દશ વર્ષથી આ પરીસ્તીથી હોઈ અહી નાના મોટા અકસ્માતો થાય છે ત્યારે આજે કાંટ ગામે બનાસ ડેરી માલિકીનું એક દૂધ ભરેલું ટેન્કર સાંકડા રસ્તાનાં કારણે અકસ્માતે પલટી ખાઈ ગયું હતું અને દૂધ ખેતરમાં ઢોળાયું હતું. જોકે આ અકસ્માતની જાણ થતા સ્થાનિક પશુપાલકો અને ગામના સરપંચ દોડી આવ્યા હતા અને કલીનર અને ચાલકને ટેન્કરની કેબીનમાંથી હેમખેમ બહાર કાઢ્યા હતા. આ ટેન્કરમાં ૯,૦૦૦ હજાર લીટર જેટલું દૂધ રેતીમાં વેડફતા અંદાજીત ત્રણ લાખથી વધુના નુકશાનનો બનાસ ડેરીને બોજ પડેલ છે. જયારે આ અકસ્માત જેવા અનેકો અકસ્માતો અહી સાંકડા રસ્તાના કારણે થતા હોવાનું ગામ લોકોએ રોષપૂર્ણ રીતે જણાવી આ રસ્તાનાં સમારકામ માટે રજૂઆત કરી હતી, તો વળી ગામના ભૂતપૂર્વ સરપંચ ઓધારજી ઠાકોર અને કાંટ ગ્રામ્ય પંચાયતના સરપંચ પતિ અને જીલ્લા પંચાયત ડેલીગેટે શંભુજી ઠાકોર પણ જણાવેલ કે નિત્ય આ રસ્તે ૨૫૦ જેટલા સ્કુલ વિદ્યાર્થી અભ્યાસ અર્થે જાય છે, અમોએ અનેકો વખત જીલ્લા વિકાસ અધિકારી અને પી.ડબ્લ્યુ ડી. વિભાગને લેખિત જાણ કરેલ હોવા છતાં તંત્ર ૧૦ વર્ષથી આ રસ્તા બાબતે દુર્લક્ષ સેવતા અકસ્માતો સર્જાય છે તેવું જણાવી અકસ્માત ઝોન બનેલા આ રસ્તાનું તાત્કાલિક સમારકામ કરવાની માંગ કરેલ છે.



## શીયા જમાતના પ્રમુખ તરીકે વરણી

હિંમતનગર શહેરમાં વસતા અજુંમને ઈમામીયા શીય ઈસના



અશરી જમાતના -મુખ તરીકે જહુર અબ્બાસ શેખની વરણી થતા જમાતમાં આનંદની લાગણી -સરી છે. જહુર અબ્બાસ શેખ સમાજની જુદી જુદી સંસ્થાઓ સાથે સંકળાઈ સમાજના ઉત્થાન માટે કામગીરી કરી રહ્યા છે.

# પાલનપુરમાં લોક અદાલતને બહોળો પ્રતિસાદ

પાલનપુર તા. ૦૮

જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, પાલનપુર દ્વારા યોજવામાં આવેલ 'નેશનલ લોક અદાલત' માં બનાસકાંઠા જીલ્લામાં રહેતા તમામ પક્ષકારોનો અભૂતપૂર્વ પ્રતિસાદ મળેલ હતો. આ લોક-અદાલત રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ તથા ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળના માર્ગદર્શન હેઠળ જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, પાલનપુર દ્વારા યોજવામાં આવેલ હતી. આ લોક-અદાલતમાં કુલ ૧૬૪૯ કેસોનો નિકાલ કરવામાં આવેલ હતો, જેમાં મોટર અકસ્માત વળતરના કુલ ૯૦ કેસોનો નિકાલ થયેલ હતો અને તેમાં પક્ષકારોને વળતર પેટે રૂા. ૧,.૬૦,૦૫,૮૨૮/- ચુકવવાનો હુકમ થયેલ હતો. આ લોક-અદાલતમાં દિવાની, ફોજદારી અને પ્રિલીટીગેશનના કેસો મુકવામાં આવેલ હતા અને તમામ કેસોની કુલ વળતરની રકમ રૂા. ૬, ૩૧, ૬૩, ૦૨૭/- (છ કરોડ એકત્રીસ લાખ ત્રેસઠ હજાર સત્યાવીશ પુરા) નો હુકમ થયેલ હતો. આ 'નેશનલ લોક-અદાલત'માં રાષ્ટ્રીયકૃત બેન્કો જેવી કે સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, યુનિયન બેન્ક, દેના ગુજરાત ગ્રામીણ બેન્ક, બેન્ક ઓફ બરોડા અને ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડ વિગેરે સંસ્થાના કુલ ૪૦૫ કેસોનો પ્રિલીટીગેશન લોક-અદાલત મારફતે નિકાલ કરવામાં આવેલો.

આ લોક અદાલત જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ચેરમેન અને પ્રિન્સીપાલ ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજ એ.સી. જોષી સાહેબના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવેલ હતી. જેમાં જ્વલંત સફળતા મળેલ હતી. વધુમાં બાર એસોસીએશન, પાલનપુરના પ્રમુખ જે. આર. ગઢવી તેમજ સેક્રેટરી એન.વી. ચોરસીયા અને બારના તમામ સભ્યઓનો આ લોક-અદાલતને સફળ બનાવવા માટે સાથ અને સહકાર મળેલ હતો.


# સાબરકાંઠા જિલ્લામાં પ્રધાનમંત્રી જન ધન યોજનામાં ૧૦૦ ટકા સિદ્ધિ

## જન ધન યોજના થકી ગરીબોના નાણાકીય આયોજન સરળ બનશે : બંછાનિધિ પાની

હિંમતનગર, તા. ૮

વડા -ધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે નવી દિલ્હી ખાતે -ધાનમંત્રી જન ધન યોજનાનું અખિલ ભારતીય ઉદ્ઘાટન થયાબાદ સાબરકાંઠા જિલ્લાએ ૧૦૦ ટકા સિધ્ધિ હાંસલ કરી ગરીબોને નાંણાકીય આયોજન સરળ બનાવ્યું હોવાનું કલેકટર બંછાનિધિ પાનીએ જણાવ્યું હતું.

યોજના વિષે જાણકારી આપતા કલેકટરએ જણાવ્યું હતું કે, -ધાનમંત્રી જન ધન યોજના તેમજ રૂ ૩૦ હજારનો જીવન વિમો મળશે આ માટે બેંક ધ્વારા મળેલ રૂપે કાર્ડ કાર્યરત કરાવી નિયમિતરૂપે બેંક વ્યહવાર કરવો જરૂરી હોવાનું જણાવ્યું હતું. આ થકી સમાજની દરેક વ્યકિત ને બચતની ટેવ પડશે, વધુમાં ઉમેર્યુ હતું કે -જાને તેમના હકકના નાણા સીધા જ તેમના હાથમાં આવશે.



(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

કલેકટરએ જિલ્લાના ૧૦૦ ટકા સિધ્ધિની વાત કરતા જણાવ્યું હતું કે જિલ્લાના ૨.૭૭ લાખ પરીવારોને જન ધન યોજના હેઠળ આવરી લેવાયા છે. જેમાં ઓગષ્ટ માસ બાદ ૯૬ હજાર નવિન ખાતા ખોલવામાં આવ્યા છે. જેમાં ગરીબી રેખાથી નીચે જીવતા અને ૬૦ વર્ષ કરતા ઓછી વય ધરાવતા તમામ લાભાર્થીઓને રૂ એક લાખનો અકસ્માત વિમાનો સિવાય અન્ય ખાતાધારાકોને રૂપે કાર્ડના માધ્યમથી રૂ. એક લાખનો અકસ્માત વિમાકવચ હેઠળ આવરી લેવામાં આવશે. વધુમાં તેમણે -ધાનમંત્રી જન ધન યોજના અગાઉ સાબરકાંઠા જિલ્લાના આદિજાતિ વિસ્તારોમાં ફાઈનાસિયલ ઈન્કલૂઝન બેઝ પર તમામ આદિજાતિ પરીવારોને યોજનાકીય લાભો આપવામાં આવ્યા છે. આગામી ૨૬ જાન્યુઆરી ૨૦૧૫ સુધી ખાતા ખોલાવનારને આ યોજનાનો લાભ મળનાર હોઈ વધુમાં વધુ લોકો લાભ લે તે જરૂરી હોવાનું જણાવ્યું હતું.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦